| GJAM010014022022 | કેસ રજુ તારીખ: | ૧૨/૧૨/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | કેસ નોંધ્યા તારીખ: | ૧૨/૧૨/૨૦૨૨ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૨૩/૧૨/૨૦૨૪ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૦ | ૧૧ |

## FORM-A

**અમરેલીનાં મહેરબાન સ્પે. જજ(પોકસો) અને ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. અમરેલી.**

**જજમેન્ટ તારીખ :૨૩/૧૨/૨૦૨૪**

**સ્પે.(પોકસો) કેસ નં. ૪૮/૨૦૨૨**

**આંક – ૫૮**

બાબરા પો. સ્ટે. પાર્ટ 'એ' ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૧૦૪૦૬/૨૦૨૧
ઈ. પી. કો. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ –૬,૧૮ મુજબ

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજ્ય |
| Represented by | વિ. પી. પી. શ્રી એમ. આર. ત્રિવેદી |
| Accused | **જયંતીભાઈ ભુરાભાઈ ઝાપડીયા,**<br>ઉ. વ. ૩૨, ધંધો – ખેતી,<br>રહે. સુખપુર, તા. બાબરા, જી. અમરેલી. |
| Represented by | આરોપી તરફે વિ. વ. શ્રી પી. એસ. બાંભણીયા |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૨૭/૦૪/૨૦૨૧ |
| એફ. આઈ. આર. ની તારીખ : | ૨૯/૦૫/૨૦૨૧ |
| ચાર્જશીટ રજુ તારીખ : | ૧૨/૧૨/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૨૬/૦૪/૨૦૨૩ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ : | ૨૧/૦૫/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૨૩/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| જજમેન્ટની તારીખ : | ૨૩/૧૨/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જયંતીભાઈ ભુરાભાઈ ઝાપડીયા, | 30-10-22 | 31-07-23 | ઈ. પી. કો. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ –૬,૧૮ | Acquitted | –– | –– |

## FORM-C

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | 19 | ભોગબનનારના માતા | સાહેદ |
| PW-2 | 22 | ભોગબનનાર | સાહેદ |
| PW-3 | 24 | ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણી | ડોકટર સાહેદ |
| PW-4 | 29 | ડો. ઉમંગકુમાર ભરતભાઈ વિરોજા | ડોકટર સાહેદ |
| PW-5 | 49 | રામચંદ્ર દેવશીંગભાઈ ચૌધરી | ત. ક. અ. |
| PW-6 | 54 | રામદેવસિંહ મહેન્દ્રસિંહ ઝાલા | ત. ક. અ. |
| PW-7 | 55 | દિપકકુમાર વિષ્ણુંદયાલ પ્રસાદ | ત. ક. અ. |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | 20 | ફરીયાદ. |
| 2 | 21 | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 3 | 23 | ભોગ બનનારનુ સી. આર. પી. સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન ફોરવર્ડીંગ લેટર સાથે |
| 4 | 25 | ભોગબનનારની શારીરીક તપાસણી માટેની પોલીસ યાદી |
| 5 | 26 | ભોગબનનારની રીફર નોટ |
| 6 | 27 | ભોગબનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 7 | 28 | ભોગબનનારનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| 8 | 30 | ભોગબનનારની શારીરીક તપાસણી માટેની પોલીસ યાદી |
| 9 | 31 | ભોગબનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 10 | 32 | ભોગબનનારનું ફોર્મ નં. ૨(બી) |
| 11 | 33 | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| 12 | 34 | આરોપીની શારીરીક તપાસણી માટેની પોલીસ યાદી |
| 13 | 35 | આરોપીના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| 14 | 36 | આરોપીનું ફોર્મ નં. ૨(બી) |
| 15 | 37 | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| 16 | 38 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 17 | 39 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 18 | 40 | આરોપીને અટક કર્યાનું તથા કપડા કબજે કર્યાનું પંચનામું |
| 19 | 41 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 20 | 42 | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ નમુના અંગેનું પંચનામું |
| 21 | 43 | એફ. એસ. એલ. માં મુદ્દામાલ મળ્યા અંગેની પાવતી |
| 22 | 44 | મુદ્દામાલ રવાનગી નોંધ |
| 23 | 45 | કોલ ડીટેઈલ્સ મેળવવા અંગેની યાદી |
| 24 | 46 | કોલ ડિટેઈલ્સ |
| 25 | 47 | કોલ ડિટેઈલ્સ મેળવવા અંગેની યાદી. |

## :: ચુકાદો ::

(૧) ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

(૨) આરોપી ભારતીય દંડ સંહિતાની કલમ આઈ. પી. સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની (જેને હવે પછી સરળતા ખાતર '' **પોકસો એકટ** '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ – ૬, ૧૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે. હાલ આરોપી જયુ. કસ્ટડીમાં છે.

(૩) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૨૮/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન સુખપુર, તા. બાબરા, જી. અમરેલી મુકામેથી આ કામનાં ફરીયાદી ×××××× ની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ. વ. ૧૫ વર્ષ ૧૦ માસનીને આરોપીએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાનાં ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તા. ૨૭/૦૪/૨૦૨૧ થી તા. ૩૦/૧૦/૨૦૨૨ સુધી પોતાની સાથે રાખી એક સંતાનની માતા બનાવી ગુન્હો કરેલ છે.

(૪) ભોગબનનારના પિતાએ બાબરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ બાબરા પો. સ્ટે. પાર્ટ 'એ' ગુ. ૨. નં . ૧૧૧૯૩૦૦૮૨૧૦૪૦૬/૨૦૨૧ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલના આરોપી સામે અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા

પોકસો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૬, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

(૫) આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રાખવામાં આવતા આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક–૦૮** થી આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૬, ૧૮ મુજબના ગુનાઓ સબબ તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન **આંક –૦૯** થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદપક્ષને પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

(૬) ફરીયાદ પક્ષે ફોર્મ નં. સી. માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૭) ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું **આંક–૫૭** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ફરીયાદ ખોટી છે. ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેઓ તદ્દન નિર્દોષ છે. તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**<u>ફરીયાદપક્ષની દલીલો:–</u>**

(૯) સરકાર તરફે વિ. પી. પી. શ્રી એમ. આર. ત્રિવેદીએ દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપી સામે ગઈ તા. ૨૬–૦૪–૨૦૨૩ ના રોજ આંક – ૦૮ થી ઈ. પી. કો. કલમ –૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૬, ૧૮ મુજબ ફરમાવવામાં આવેલ હતુ. આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષએ સાહેદો તપાસવામાં આવેલ છે તથા ફરીયાદ, પંચનામા, મેડીકલ સર્ટીફીકેટ વિગેરે દસ્તાવેજો રજુ રાખેલ છે. સદર કામે ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો તા. ૨૭/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૨૮/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન સુખપુર, તા. બાબરા, જી. અમરેલી મુકામેથી આ કામનાં ફરીયાદી ×××××× ની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ. વ. ૧૫ વર્ષ ૧૦ માસનીને આરોપીએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાનાં ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તા. ૨૭/૦૪/૨૦૨૧ થી તા. ૩૦/૧૦/૨૦૨૨ સુધી પોતાની સાથે રાખી એક સંતાનની માતા બનાવી ગુનો કરેલ છે. જે બાબતે ફરીયાદીએ ફરીયાદ આપેલ જે આંક–૨૦ થી રજુ છે. આંક–૧૯ થી ફરીયાદી ભોગ બનનારના માતાને તેમજ આંક – ૨૨ થી ભોગબનનારને તપાસેલા તેઓની જુબાની ધ્યાને લેતા આરોપીએ ફરીયાદ મુજબનો ગુનો કરેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ બનાવ સમયે ભોગ બનનારની ઉંમર સગીર વયની હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. તેમજ આંક – ૨૪ થી ડોકટર સાહેદ લવજીભાઈ જીવાભાઈ રામાણીને તપાસવામાં આવેલ છે. તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી કરેલી હોવાની હકીકત જણાવેલ છે. તેમજ આંક – ૨૯ થી ડો. ઉમંગકુમાર ભરતભાઈ વિરોજાને તપાસેલા છે તેઓએ આરોપી અને ભોગબનનારને તપાસી જરૂરી નમુના લઈ એફ. એસ. એલ. માં તપાસણી અર્થે મોકલેલ છે. હાલના કામે તપાસ કરનાર અધિકારી રામચંદ્ર દેવશીંગભાઈ ચૌધરીને આંક–૪૯ થી, ત. ક. અ. રામદેવસિંહ મહેન્દ્રસિંહ ઝાલાને આંક – ૫૪ થી તથા ત. ક. અ. શ્રી દિપકકુમાર વિષ્ણુદયાલ પ્રસાદને આંક – ૫૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની ફરજના

ભાગરૂપ કરેલ કાર્યવાહીનું સચોટ વર્ણન કરેલ છે અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ રાખેલ છે. ત. ક. અ. શ્રીઓએ કરેલ સમગ્ર કાર્યવાહીની વિગત જણાવી ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થન કરેલ છે. તેમની જુબાનીને અન્ય સાહેદોની જુબાનીથી તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષને સમાધાન થઈ ગયેલ હોવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી, પરંતુ જેથી ૧૬૪ ના નિવેદન જોતા તેમાં આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. આમ, મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી તહોમતનામા મુજબનો ગુનો આરોપીએ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ ગયેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય નશ્યત કરવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલો.</u>**

**(૧૦)** આરોપી તરફે વિ. વ. શ્રી પી. એસ. બાંભણીયાએ દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપી સામે આંક–૦૮ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. જેની વિગત જોતા ફરીયાદીની દિકરી ભોગબનનારને આરોપી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, વારંવાર શરીર સંભોગ કરી, બાળકનો જન્મ કરાવી ગુનો કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ફોજદારી કેસમાં ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરવાનો હોય છે, પરતુ ફરીયાદપક્ષે આ કામે ભોગબનનારના માતા તથા ભોગબનનારને સોગંદ ઉપર તપાસેલ છે તેઓ તમામ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને વિરોધાભાષી હકીકત જણાવેલ છે. આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાની કોઈ હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓ સાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે તપાસ કરનાર અધિકારીએ તેમની ફરજને અનુરુપ ફરીયાદપક્ષને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ તેઓએ જણાવેલ હકીકતને ભોગબનનારના માતા કે ભોગબનનારએ લેશમાત્ર સમર્થન કરેલ નથી.

ફરીયાદપક્ષ તરફથી આંક – ૨૧ થી ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર રજુ થયેલ છે, પરંતુ ભોગબનારના માતાએ કે ભોગબનનારએ જન્મના પ્રમાણપત્રને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેનાથી તદ્દન વિરોધાભાષી હકીકત જણાવેલ છે. તેમજ ભોગબનનારના માતાએ ઉલટ તપાસમા તેણીના લગ્ન આશરે ૨૫ વર્ષ અગાઉ થયેલ. લગ્ન પછી પ્રથમ સંતાન એક વર્ષ બાદ થયેલ. તેના બે વર્ષ બાદ બીજુ સંતાન થયેલ અને તેના બે વર્ષ બાદ ભોગબનનારનો જન્મ થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ તેણીએ સ્પષ્ટ સ્વીકારેલ છે કે તેણીનું પીયર દહીડા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર મુકામે આવેલ છે અને તેણીની ભોગબનનાર દિકરીનો જન્મ તેણીના પિયર દહીડા મુકામે થયેલ અને તેણીની ભોગ બનનાર દિકરીના જન્મપ્રમાણપત્રની નોંધણી કોણે અને કેવા સંજોગોમાં કરાવેલ તેની તેણીને માહિતી નથી તેમ સ્વીકારેલ છે. હવે આંક – ૨૧ વાળુ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર જોવામાં આવે તો તેમાં ભોગ બનનારનો જન્મ ખેરાણા ગામે થયેલાની વિગત છે જયારે ભોગ બનનારની માતાએ ભોગ બનનારનો જન્મ દહીડા ગામે થયેલ હોવાની વિગત જણાવેલ છે. આમ ભોગબનનારના જન્મના સ્થળ બાબતે પણ મહત્વની વિરોધાભાષી હકીકત સ્પષ્ટ થાય છે. આ કામે ભોગબનનારનું સી. આર. પી. સી. ક. ૧૬૪ મુજબનું નિવેદન રજુ થયેલ છે, પરંતુ ભોગબનનારએ ઉલટમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે ધારીના જજ સાહેબ રુબરુ નીવેદન આપવા લઈ જતા પહેલા પોલીસે અને તેમના માતાએ જણાવ્યા મુજબની હકીકત જણાવેલ. વધુમાં ભોગબનનાર તથા તેમના માતાએ સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવી લઈ ગયેલ હોય કે તેની સાથે દૃષ્કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનારે પણ ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે આરોપી તેણીને લલચાવી, ફોસલાવી લઈ ગયેલ નથી તેણી પુખ્ય વતની હોય તેણીની મરજીથી આરોપી સાથે લગ્ન કરેલ છે. આ કામે ફરીયાદપક્ષે મેડીકલ પુરાવો રજુ કરવામાં આવેલ છે, પરંતુ ખુદ ભોગ બનનાર તથા તેની માતાએ મેડીકલ પુરાવાને લેશમાત્ર સમર્થનકારી હકિકત જણાવેલ નથી જેથી મેડીકલ પુરાવાથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ નથી. આમ સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષે આંક – ૦૮ ના તહોમતનામા મુજબનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૧૧)** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:મુદ્દા :-**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૨૮/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન સુખપુર, તા. બાબરા, જી. અમરેલી મુકામેથી આ કામનાં ફરીયાદી ×××××× ની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ. વ. ૧૫ વર્ષ ૧૦ માસનીને આરોપીએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાનાં ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તા. ૨૭/૦૪/૨૦૨૧ થી તા. ૩૦/૧૦/૨૦૨૨ સુધી પોતાની સાથે રાખી એક સં તાનની માતા બનાવી, આરોપીએ ભારતીય ફોજદારી ધારાની કલમ - ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ - ૬, ૧૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનાઓ આચરેલ છે ?

૨. શું હુકમ ?

**(૧૨)** ઉપરોકત મુદ્દા પરત્વનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**કાયદાનો મૂળભૂત સિધ્ધાંત :-**

**(૧૩)** આ કેસમાં આરોપી સામે ઘડવામાં આવેલ તહોમતનામામાં જણાવેલ

ગુન્હાની હકીકત પુરવાર કરવા માટે પ્રોસીકયુશન દ્રારા રજુ કરાવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા એ હકીકત નોંધવી મહત્વની છે કે ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ – ૩ માં કરવામાં આવેલી સાબીતી અને નાસાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબીત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશન ઉપર રહેલી છે અને જો પ્રોસીકયુશન તેમ કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પુરાવાઓનું મુલ્યાંકત કરતી વખતે કોર્ટ ધ્વારા ફરીયાદીના પાયાના પુરાવાને અન્ય સમર્થનકર્તા પુરાવાઓ સાથે મુલ્યાંકન કરી સત્ય હકીકત શોધી ન્યાય કરવાનો હોય છે. આમ સદર સિધ્ધાંતોને ધ્યાને લઈ આ કેસમાં પ્રોસીકયુશન ધ્વારા ઉપરોકત પેરા–૩ માં નોંધ્યા મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે જેનું કાળજીપૂર્વક ન્યાયીક મુલ્યાંકન કરતાં નીચે મુજબ તેની વિગતવારની ચર્ચા કરવામાં આવે છે.

**(૧૪)** ફરિયાદ પક્ષ તરફે ફરીયાદ તથા તહોમતનામાની હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદી તથા અન્ય સાહેદોના પુરાવા લેવામાં આવેલાં છે. તેઓના સોગંદ ઉપરના

પુરાવા દરમ્યાન દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલાં છે. જેઓના પુરાવાની નીચે મુજબ ચર્ચા કરવામાં આવે છે.

**(૧૫) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧ તરીકે સાહેદ–ભોગબનનારના માતા ×××××× ને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૫.૧)** મારે સંતાનમાં એક દિકરો તથા ત્રણ દિકરીઓ છે. જેમાં સૌથી મોટો દિકરો છે. તેનાથી નાની દિકરી છે. તેનાથી નાની દિકરી ભોગબનનાર છે. તેનાથી નાની બીજી એક દિકરી છે. મારી ભોગબનનાર દિકરીની જન્મ તારીખ મને હાલમાં યાદ નથી પરંતુ તેની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષની હતી. મારા પતિ મજુરી કામ કરી અમારા પરિવારનું ગુજરાન ચલાવે છે.

**(૧૫.૨)** બનાવ આશરે ચાર વર્ષ પહેલા બનેલ. તે વખતે મારી ભોગબનનાર દિકરી ઘરનું કામકાજ ન કરતી હોય તેથી મેં તેને ઠપકો આપેલ. તેથી તે રીસાયને ઘરેથી કહયા વગર જતી રહેલી. ત્યારબાદ અમોએ આજુબાજુ પડોશમાં તપાસ કરતા ભોગબનનાર મળી આવેલ નહી. ત્યારબાદ મારા પતિ તથા અમારા સગાવહાલાઓએ અમારા સગાસબંધીમાં તપાસ કરતા મળી ન આવતા મારા પતિ તથા અમારા સમાજના માણસોએ પોલીસ સ્ટેશન જઈ ફરીયાદ આપેલ. મારા પતિ ××××× એક વર્ષ પહેલા અવશાન પામેલ છે. મને માર્ક –૭/૧ વાળી અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે. તેમાં જે અંગુઠાનુ નિશાન છે તે મારા પતિનું છે. જે હું ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક – પી/૨૦ આપવામાં આવે છે. પોલીસે મારું નિવેદન લીધેલ. મને માર્ક ૭/૫ બતાવવામાં આવે છે. તે મારી ભોગબનનાર દીકરીનું જન્મપ્રમાણપત્ર અસલ છે. જેને રજુ દાખલ આંક – પી/૨૧ આપવામાં આવે છે.

**(૧૫.૩)** એવું બનેલ નથી કે, આરોપી મારા સગા બહેનનો દિકરો હોય તેણે મારી સગીર વયની ભોગબનનાર દિકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયેલ અને તેની સાથે બદકામ કરેલ.

**(૧૫.૪)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોનું સમર્થન કરતા ન હોય વિ. એ.

પી. પી. શ્રીની મૌખીક વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૫.૫) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** મારા લગ્ન આજથી આશરે ૨૫ વર્ષ અગાઉ થયેલ. લગ્ન પછી પ્રથમ સંતાન એક વર્ષ બાદ થયેલ. તેના બે વર્ષ બાદ બીજુ સંતાન થયેલ અને તેના બે વર્ષ બાદ ભોગબનનારનો જન્મ થયેલ.

**(૧૫.૬)** હું ભણેલ નથી. મારા પતિ પણ ભણેલ ન હતા. મારું પીયર દહીડા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર મુકામે આવેલ છે. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દિકરીનો જન્મ મારા પિયર દહીડા મુકામે થયેલ. એ વાત ખરી છે કે આંક – પી/૨૧ વાળા જન્મ પ્રમાણપત્રની નોંધણી કોણે અને કેવા સંજોગોમા કરાવેલ તેની મને માહિતી નથી.

**(૧૫.૭)** એ વાત ખરી છે કે બનાવ વખતે મારી ભોગબનનાર દિકરીને ઘરકામ બાબતે ઠપકો આપતા રીસાયને જતી રહેલી. એ વાત ખરી છે કે મારી દિકરી તેની જાતે પરત આવેલ. એ વાત ખરી છે કે મારી દિકરી સાથે કોઈ અણબનાવ બન્યો હોય તેવી કોઈ હકીકત મને જણાવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદની હકીકત સમાજના લોકોએ લખાવેલ. એ વાત ખરી છે કે પોલીસે મારુ માત્ર નામઠામ પુછેલ એ સિવાય કઈ પુછેલ નહી. એ વાત ખરી છે કે જે તે વખતે શંકાના આધારે આરોપી ઉપર ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે આરોપી મારી ભોગબનનાર દિકરીને કયાંય લઈ ગયેલ નથી કે તેની સાથે કોઈ કૃત્ય પણ કરેલ નથી.

**(૧૬) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે સાહેદ–ભોગબનનાર ને આંક – ૨૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૬.૧)** હું બનાવ સમયે ખેરાળા ગામે મારા માતા – પિતા તથા ભાઈ બહેન સાથે રહેતી હતી. હું ભણેલ નથી. મને મારી જન્મ તારીખ યાદ નથી. બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે મારી માતાએ ઘરકામ બાબતે મને ઠપકો આપતા હું રીસાઈને મારી જાતે ઘરેથી નીકળી ગયેલી. ત્યારબાદ થોડા દિવસ પછી હું મારી

જાતે પરત આવેલી. હું ઘરેથી જતી રહેલી તેથી મારા પિતાએ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. તેથી મારા માતા–પિતાએ મને બાબરા પોલીસ સ્ટેશન હાજર કરેલ. બાબરા પોલીસે મારી પુછપરછ કરેલી.

**(૧૬.૨)** ત્યારબાદ મને મેડીકલ તપાસણી માટે બાબરાની સરકારી હોસ્પીટલ તથા અમરેલી સરકારી દવાખાનામાં લઈ ગયેલા.

**(૧૬.૩)** પોલીસ મને ધારીની કોર્ટનાં મહીલા મેજી. પાસે લઈ ગયેલી ત્યાં મેં તેમની રૂબરૂ નિવેદન લખાવેલ.

આ કામે એક ખાખી બંધ કવર ખોલતા અને તેમાંથી એક ફોરવડીંગ લેટર સાથે બીજુ એક ખાખી કલરનુ કવર નીકળેલ છે અને તે કવર ખોલતા ભોગ બનનારનું સી . આર. પી. સી. ની ક. ૧૬૪ મુજબનું નિવેદન નીકળેલ છે, તે નિવેદનમાં ભોગબનનાર સાહેદ પોતાના અંગુઠાનું નિશાન તથા મારી બહેન ભાનુબેનના અંગુઠાનું નિશાન કરેલ હોવાનુ ઓળખી બતાવે છે. આ કવરમાંથી નીકળેલ આ સાહેદ ભોગ બનનારના સી .આર. પી. સી. ની ક. ૧૬૪ મુજબના નિવેદનને આંક – ૨૩ આપવામાં આવે છે.

**(૧૬.૪)** મને મુદામાલ આર્ટીકલ નં. ૧ વાળી એક લાલ કલરની કુર્તી તથા આર્ટીકલ નં . ૨ વાળી કાળા કલરની લેગીસ બતાવવામાં આવે છે. જે કપડા મારા છે અને પોલીસે મારી પાસેથી કબજે કરેલ તે જ છે.

**(૧૬.૫)** એવુ બનેલ નથી કે આરોપી જયંતિભાઈ મારા માસીનો દિકરો થતો હોય અને તેની સાથે હું મજુરી કામ કરતી હતી તે વખતે મારે તેની સાથે પ્રેમસબંધ થયેલ અને આ જયંતિ એ મારી સાથે શરીર સબંધ બાંધેલો અને આ જયંતિએ મને લગ્નની લાલચ આપી મને ભગાડીને લઈ ગયેલ અને ત્યારબાદ પણ મારી સાથે અવારનવાર બદકામ કરેલ. મને ગર્ભ રહેલ અને એક દિકરાનો જન્મ થયેલ. જે હાલ મારી પાસે છે. આરોપીને જોઈએથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે તે જ છે.

**(૧૬.૬)** સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોનું સમર્થન કરતા ન હોય વિ. એ. પી. પી. શ્રીની મૌખીક વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી

શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૬.૭) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમ સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** હું ભણેલ નથી મને લખતા વાંચતા આવડતું નથી. એ વાત ખરી છે કે મારો જન્મ મારા મોસાળ દહીડા તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર ખાતે થયેલ છે. મેં કયારેય કોઈ સ્કુલમાં અભ્યાસ કરેલ નથી. મને લખતા વાંચતા આવડતું નથી.

**(૧૬.૮)** એ વાત ખરી છે કે બનાવ સમયે હું પુખ્ત વયની હતી. એ વાત ખરી છે કે મારી માતાએ ઠપકો આપતા હું મારી મરજીથી મારા ઘરેથી નીકળી ગયેલી. એ વાત ખરી છે કે આરોપી મારી માસીનો દીકરો થતો હોય તેને બનાવ પહેલાથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે આરોપી મને લલચાવી ફોસલાવી કયાંય લઈ ગયેલ નથી કે મારી સાથે કોઈ ખરાબ કામ કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ માત્ર નામ ઠામ પુછેલુ એ સીવાય મેં કઈ જણાવેલ નહી. એ વાત ખરી છે કે ધારી કોર્ટમાં જે જવાબ લખાવેલ તે પોલીસ અને મારી માતાના કહેવાથી લખાવેલ.

**(૧૬.૯)** એ વાત ખરી છે કે મને ડોકટર સાહેબ પાસે તપાસણી માટે લઈ ગયા ત્યારે મારી માતા પણ હાજર હતી. એ વાત ખરી છે કે ડોકટર સાહેબે મને કઈ પુંછેલ નહી કે મેં તેમને કાઈ લખાવેલ નહી.

**(૧૭) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે સાહેદ – ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણીને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૭.૧)** હું તા. ૩૧/૧૦/૨૦૨૨ ના રોજ દિવસના બપોરના દોઢ વાગ્યે સીવીલ હોસ્પીટલમાં ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ભોગ બનનારને મહીલા પોલીસ માલતીબેન વિક્રમભાઈ દેથળીયા, બકલ નં. ૨૭૬ પી. આઈ. બાબરા પો. સ્ટે. ની યાદી સાથે તથા બાબરા મેડીકલ ઓફિસરશ્રીની રીફર યાદી સાથે ગાયનેક તપાસ માટે રજુ કરેલા. જે પો. સ્ટે. ની યાદી તથા રીફર નોટ આજરોજ મારી સાથે લાવેલ છુ. જેમાં મારી

રીસીવ્ડની સહી છે. જે ઓળખી બતાવી રજુ કરૂ છું. જેને અનુક્રમે રજુ દાખલ આંક – ૨૫ અને આંક – ૨૬ આપવામાં આવે છે.

**(૧૭.૨)** મેં ભોગ બનનારનો ઓ. પી. ડી. કેસ નં. ૧૦૧૩૫૬ કાઢેલો જેમાં ભોગ બનનારની ગાયનેક તપાસ મહીલા પોલીસની હાજરીમાં કરેલ હતી તથા નિવેદનની નોંધ કરેલ હતી તેમજ તેની શારીરીક તપાસણીની નોંધ કરેલ હતી. જે આજરોજ મારી સાથે લાવેલ છુ જે કુલ ત્રણ પેઈજ છે જેને રજુ દાખલ આંક – ૨૭ આપવામાં આવે છે.

**(૧૭.૩)** તેણીની હીસ્ટ્રી પુછતા તેણે જણાવેલુ કે ''તા. ૨૭/૦૪/૨૦૨૧ ના રોજ જયંતી ભુરાભાઈ ઝાપડીયા સાથે મરજીથી તથા બળજબરી વગર ભાગી ગયા હતા. તા. ૩૦/૧૦ /૨૦૨૨ ના રોજ પરત આવ્યા હતા. આ દરમ્યાન આરોપીએ તેણી સાથે મરજીથી તથા બળજબરી વગર ઘણી વખત સંભોગ કરેલો હતો. આરોપી મારફત તેણેને નવ મહીના પહેલા એક બાળકનો જન્મ થયેલ. જે બાળક અત્યારે નવ મહીનાનું હતુ. છેલ્લો સંભોગ તા. ૨૮/૧૦ /૨૦૨૨ ના રોજ કરેલો હતો. માસિકની છેલ્લી તારીખ ૨૫ દિવસ પહેલાની હતી.

**(૧૭.૪)** ઓળખના ચિન્હો: જમણા કપાળમાં તલનું નીશાન હતું.

**(૧૭.૫)** ગાયનેકોલોજીકલ એકઝામીનેશન : ભોગ બનનારના સેકન્ડરી સેકસ કેરેકટર તેણીના ઉમર પ્રમાણે વિકસેલા હતા. જેવા કે બ્રેસ્ટ, નીપલ, બગલના વાળ, પેડુના વાળ અને લેબીયા.

ઉપરોકત ભાગમાં કોઈપણ જાતની ઈજાઓ જોવા મળેલ ન હતી. તેમજ શરીરના કોઈપણ ભાગ ઉપર ઈજાઓ જોવા મળેલ ન હતી અને નખના ઉઝરડા અને દાંતના માર્ક જોવા મળેલ ન હતા.

**(૧૭.૬)** પરસ્પેકયુલમ એકઝામીનેશન : યોનીપટલ એબશન્ટ હતુ. યોનીમાંથી કોઈપણ જાતનુ બ્લડના નિશાન ન હતા તેથી વજાઈનલ ઈન્જયરી ન હતી. યોનીની દીવાલ ૧૦ સે. મી. લાંબી હતી.

**(૧૭.૭)** ઈન્વેસ્ટીગેશન : યુરીન પ્રેગનન્સી ટેસ્ટ નેગેટીવ હતો તેમજ યુ. પી. ટી. ટેસ્ટ ફરીવાર કરતા નેગેટીવ આવેલ હતો અને વી.ડી.આર.એલ. ટેસ્ટ નેગેટીવ હતો.

**(૧૭.૮)** અભિપ્રાય : આ ભોગબનનારને સમગ્ર બાહય તપાસના અંતે ભોગબનનારનો

યુ. પી. ટી. ટેસ્ટ નેગેટીવ હોય જેથી તે ગર્ભવતી ન હતી તેમજ ભોગબનનાર ના શરીર પર કોઈ બાહય કે આંતરીક ઈજા જોવા મળેલ ન હતી. ભોગબનનારના ગુપ્ત ભાગે સંભોગ થયેલ છે. મેં આ અંગે એમ. એલ. સી. સર્ટી આપેલુ. મને માર્ક–૭/૧૦ બતાવવામાં આવે છે. જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી અને હોદાનો સીકકો છે. જે ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ આંક – ૨૮ આપવામા આવે છે.

**(૧૭.૯) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ભોગબનનારને મારી સમક્ષ લાવ્યા તે પોલીસ યાદી સાથે લાવેલા. એ વાત ખરી છે કે મેં ભોગબનનારનો ઓળખનો કોઈ પુરાવો મેળવેલ નહી કે મારી સમક્ષ રજુ થયેલ નહી. એ વાત ખરી છે કે ભોગબનનારને કોઈ ઈજાના નીશાનો હતા નહી. એ વાત ખરી છે કે ભોગબનનારના અવયવો વીકસીત હતા, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે ઉંમર પ્રમાણે વિકસીત હતા. એ વાત ખરી નથી કે ભોગબનનારની હીસ્ટ્રી પોલીસ યાદી આધારે લખી લીધેલી. એ વાત ખરી છે કે કોઈ પણ સ્ત્રીનું યોની પટલ ભંગ થવાના ઘણા બધા કારણો હોય શકે અને શરીર સંભોગ થયા વગર પણ યોની પટલ ભંગ થવાની સંભાવના છે.

**(૧૮) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે સાહેદ – ડો. ઉમંગકુમાર ભરતભાઈ વિરોજાને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૮.૧)** તા. ૩૦/૧૦/૨૦૨૨ ના રોજ પી. આઈ. બાબરાની યાદી સાથે ભોગ બનનાર ને મહીલા પોલીસ કર્મચારી એમ. વી. દેથળીયા બકલ નં. ૨૬૭ નાઓ મારી સમક્ષ શારીરીક તપાસણી તથા નમુના લેવા માટે ભોગબનનારને લાવેલ હતા. મને મળેલ યાદી માર્ક–૭/૯ વાળી બતાવવામાં આવે છે જેમાં મારી રીસીવ્ડની સહી છે જે હું ઓળખી બતાવી જેને રજુ દાખલ આંક – ૩૦ આપવામાં આવે છે.

**(૧૮.૨)** મેં ભોગબનનારની શારીરીક તપાસણી કરતાં પહેલા તેનો ઓ. પી. ડી. કેસ પેપર નં.૩૨૧૪૨ કઢાવેલ, જે આજરોજ મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જે રજુ દાખલ આંક

– ૩૧ આપવામાં આવે છે.

**(૧૮.૩)** મેં તેણીની શારીરીક તપાસણી કરતાં તેણીએ મારી સમક્ષ એવી હીસ્ટ્રી આપેલી કે '' તા. ૩૦/૧૦/૨૨ ના રોજ ભોગબનનાર માલકીયા ઉ. વ. ૧૬ દોઢ વર્ષ પહેલા બન્ને પોતાની મરજીથી ભાગેલા હતા મારી જોડે જયંતીભાઈ ઝાપડીયા જોડે ભાગી સુખપુરથી અમે ગઢડા ગયા ત્યાંથી નસવાડી અમે ગયા. નસવાડી એક વર્ષ રોકાયેલા ત્યાંથી અમે બન્ને સાવરકુંડલા ગયા. ત્યાંથી બે ત્રણ મહીના રોકણ કરી અમે બન્ને પોતાની મરજીથી અવાર નવાર સબંધો બાંધતા હતા. નસવાડી ગર્ભધારણ થયેલુ હતુ. અમે સીવીલ હોસ્પીટલમાં ડીલવરી કરાવેલ હતી. લાખણકા ગામે મહીના અમે બન્ને રોકાણ કરેલ. હાલ બાબો નવ મહીનાનો થયેલ છે. ''

**(૧૮.૪)** મેં તેની બાહ્ય તપાસ કરેલી અને તેણીના શરીર ઉપર કોઈ ઈજાના નીશાન જોવા મળેલ ન હતા. મેં તેના શરીરમાંથી નીચે મુજબના નમુના લીધેલા. ૧)લોહીનો નમુનો, ૨)ગુપ્તભાગના વાળ, ૩) બન્ને હાથ પગના નખ, ૪) વજાઈનલ સ્વોબ, ૫)સલાઈવા.

**(૧૮.૫)** આ તમામ નમુનાઓ સીલ પેક કરી એફ. એસ. એલ. ના પૃથ્થકરણ માટે મેં ભોગબનનારને લાવનાર પોલીસ કોન્સ્ટેબલને આપેલા અને તે બદલ ફોર્મ નં.૨(બી) ભરેલુ જેની સ્થળપ્રત આજરોજ મારી સાથે લાવેલ છુ, જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.જેને રજુ દાખલ આંક – ૩૨ આપવામાં આવે છે. મેં આ અંગે આપેલ સર્ટીફીકેટ મને માર્ક–૭ /૯–૧ થી બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક – ૩૩ આપવામા આવે છે. ભોગ બનનારની આગળની શારીરીક તપાસણી માટે ગાયનેકોલોજીસ્ટ અમરેલીને રીફર કરેલા.

**(૧૮.૬)** આજ દિવસે આરોપીને મારી સમક્ષ પોલીસ યાદી સાથે શારીરીક તપાસણી કરવા તથા નમુના લેવા માટે રજુ રાખેલ હતા. મને મળેલ યાદી માર્ક–૭/૮ વાળી બતાવવામા આવે છે જેમા મારી રીસીવ્ડની સહી છે જે હું ઓળખી બતાવી જેને રજુ દાખલ આંક – ૩૪ આપવામાં આવે છે.

**(૧૮.૭)** મેં આરોપીનો ઓ. પી. ડી.કેસ નં. ૩૨૧૪૧ કઢાવેલો, જે મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક – ૩૫ આપવામાં આવે છે.

(૧૮.૮) આરોપીએ મારી સમક્ષ હીસ્ટ્રી આપેલી કે '' તા.૩૦/૧૦/૨૨ ના સાંજના ૦૬:૦૦ વાગે હું જયંતી ભુરાભાઈ ઝાપડીયા દોઢ વર્ષ પહેલા ભાગેલા હતા અને નસવાડી ગામમાં જતા રહેલા હતા સુખપુરથી ભાગીને બે વખત નસવાડીમાં સબંધ બાંધેલ હતો. ત્યાં થી બે મહીના પછી બન્ને લોકો ભોગબનનાર સાથે સાવરકુંડલા જતા રહેલા. ત્યાંથી સાત માહીના પછી લાખણકા ગામે બન્ને લોકો આવી ગયેલા. લાખણકા ગામે બન્ને લોકો છ મહીના રોકાયેલા બન્ને પોતાની મરજીથી અવાર નવાર સબંધ બાંધેલ હતો. સાવરકુંડલા હતા ત્યારે ભોગબનનારે બાબાનો જન્મો આપેલ છે. બાબો હાલ દસ મહીનનો છે.''

(૧૮.૯) મેં આ ઈસમની શારીરીક તપાસણી કરતાં તેના શરીર ઉપર કોઈ ઈજાઓ જોવા મળેલ નહી. મેં તેની શારીરીક તપાસમાં નીચે મુજબના નમુનાઓ લીધેલા. ૧) બંને હાથના નખના નમુના, ૨)લોહીનો નમુનો, ૩)ગુપ્તભાગના વાળ, ૪) વીર્યનો નમુનો, ૫) સલાઈવા.

(૧૮.૧૦) આ તમામ નમુનાઓ સીલ પેક કરી એફ. એસ. એલ. ના પૃથ્થકરણ માટે મેં સદર ઈસમને લાવનાર પોલીસ કોન્સટેબલને આપેલા અને તે બદલ ફોર્મ નં.૨(બી) ભરેલુ જેની અસલ આજરોજ મારી સાથે લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે, જે ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક – ૩૬ આપવામાં આવે છે. મેં આ અંગે આપેલ સર્ટીફીકેટ મને માર્ક– ૭/૮–૧ થી બતાવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક – ૩૭ આપવામાં આવે છે.

(૧૮.૧૧) **બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે આરોપી તથા ભોગબનનારને મારી સમક્ષ લાવ્યા તે પોલીસ યાદી સાથે લાવેલા તે પોલીસ યાદીનો મેં અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે મેં આરોપી તથા ભોગબનનારનો ઓળખનો કોઈ પુરાવો મેળવેલ નહી કે મારી સમક્ષ રજુ થયેલ નહી. એ વાત ખરી છે કે આરોપી તથા ભોગબનનારના શરીર પર બાહય ઈજાના નીશાનો હતા નહી. ભોગબનનારના અવયવો વીકસીત હતા કે કેમ તે હું કહી શકુ નહી, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે મેં તે બાબતે તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી તથા ભોગબનનારની હીસ્ટ્રી પોલીસ યાદી આધારે લખી લીધેલી. ભોગબનનારની ઉંમર ઓ. પી.

ડી. કેસ તથા પોલીસ ચાદી આધારે લખેલ છે. એ વાત ખરી છે કે કેટલા એમ. એલ. બ્લડ એફ. એસ. એલ. તપાસ માટે લીધેલ હોય તેવું સર્ટીફીકેટમાં કે મારા ઓ. પી. ડી. કેસ પેપર્સમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે બ્લડના નમુના લેતા સમયે બ્લડ ટેસ્ટ રૂલ્સનું પાલન કરેલ નથી. એ વાત ખરી નથી કે નમુના લેવાની કાર્યવાહી અમો નહી પરંતુ સ્ટાફ કરે છે, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે સ્ટાફની મદદથી અમે કરીએ છીએ.

**(૧૯) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે સાહેદ – રામચંદ્ર દેવશીગભાઈ ચૌધરીને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૯.૧)** હું તારીખ ૧૮/૮/૨૦૨૨ ના રોજ બાબરા પો. સ્ટે. માં પી. આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન બાબરા પો. સ્ટે. ગુ. નં. ૨૧૦૪૦૬/૨૦૨૧, ઈ. પી. કો. કલમ ૩૬૩, ૩૬૬, વિ. તથા પોકસો એકટ ની કલમ ૬, ૧૮ મુજબની ફરીયાદ અમોને પો. ઈ. જે. ડી. ડાંગરવાલા સાહેબનાઓ પાસેથી તપાસમાં મળતા અમોએ સંભાળેલ.

**(૧૯.૨)** આ ગુનાના કામે આરોપી તેમજ ભોગબનનારને અમરેલી પેરોલ ફર્લો સ્કવોડ દવારા હસ્તગત કરી પોલીસ આગળની કાર્યવાહી માટે અમને સોંપતા બે સ્વતંત્ર પંચો બોલાવીને ભોગબનનારના કપડા પંચનામાના વિગતે કબજે કરેલ. જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી મને આંક – ૩૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે તેજ છે.

**(૧૯.૩)** ત્યારબાદ આરોપી અટકનું તેમજ કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામુ બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં આરોપી અટકનું વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૪૦ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૧૯.૪)** ત્યારબાદ બનાવવાળી જગ્યાએ જઈ ભોગબનનાર બનાવાળી વાળી જગ્યા

બતાવતા બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૪૧ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૧૯.૫)** ત્યારબાદ ભોગબનનારનું નીવેદન તથા ફરીયાદ જોતા હાલના કામે ઈ. પી. કો. કલમ ૩૭૬(૨)(એન) તથા ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ ૬નો ઉમેરો કરવો જરૂરી હોય તે મુજબ ઉમેરો કરવા માટે સ્પેશ્યલ પોકસો કોર્ટના નામદાર સાહેબની સમક્ષ કલમ ઉમેરાનો રિપોર્ટ કરેલ હતો.

**(૧૯.૬)** ત્યારબાદ હાલના કામે ભોગબનનારનું સી. આર. પી. સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવુ જરૂરી હોય મેં આ બાબતે એડીશ્નલ જયુડી. મેજી. ધારી નાઓ રૂબરૂ ભોગબનનારનો નિવેદન નોંધાવડાવેલ અને તપાસના કાગળોમાં સામેલ કરેલ.

**(૧૯.૭)** તપાસ દરમિયાન મેં આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસ કરવા માટે યાદી તૈયાર કરી મેડીકલ તપાસ કરાવેલ. ત્યારબાદ આરોપી તથા ભોગબનનારનું એમ. એલ. સી. સર્ટી. તેમજ મેડીકલ ફાઈલ કાગળોમાં સામેલ કરેલ. મને આંક – ૩૦ તથા આંક – ૩૪ વાળી મેડીકલ તપાસની પરવાનગી યાદી કરેલી. જે મેં કરલી તેમાં મારી સહી છે. તે હું ઓળખી બતાવુ છું. મને આંક – ૪૦ વાળુ પંચનામુ બતાવવામાં આવેલ છે જે એફ. એસ. એલ. પૃથ્થકરણ માટે મોકલવા માટે પંચોની હાજરીમાં નમુના લીધેલ જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૧૯.૮)** તપાસ દરમિયાન ભોગબનનાર બ્લડ સેમ્પલ તથા એફ. એસ. એલ. તપાસ માટે જરૂરી નમુનાઓ તથા આરોપીના બ્લડ સેમ્પલ તથા એફ. એસ. એલ. તપાસ માટે જરૂરી નમુનાઓ મેડીકલ ઓફીસર અમરેલી સિવિલને લેખીત યાદી સાથે પોલીસ બંદોબસ્ત સાથે મોકલેલ હતા અને ત્યારબાદ કબ્જે લીધેલ જરૂરી નમુનાઓ અમોને સોંપતા અમે સંભાળેલ હતા તેમજ કબજે લીધેલ લોહીના નમુનાઓ ડી. એન. એ. તપાસ માટે એફ. એસ. એલ. ગાંધીનગરને મુદામાલ રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલા.

**(૧૯.૯)** મને આંક – ૪૪ વાળી મુદામાલ રવાનગી નોંધ તથા આંક – ૪૩ મુદામાલ મળ્યા અંગેની પાવતી બતાવવામાં આવે છે. જે તમામ દસ્તાવેજો મેં તૈયાર કરેલ હતાં તે મને મળેલ હતા. જે હું ઓળખી બતાવું છું.

**(૧૯.૧૦)** હાલના કામે સમગ્ર કાગળોનો તેમજ મેડીકલ પુરાવો વિગેરેનો અભ્યાસ હાલના કામે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નિયત સમય મર્યાદા નામદાર કોર્ટમાં ચાર્જસિટ રજુ કરેલ.

**(૧૯.૧૧)** આ કામેના સાહેદ ભોગબનનારનું નિવેદન તેના લખાવ્યા મુજબનું લખી લીધેલ હતુ તેઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ છે કે ''આજથી બે વર્ષ પહેલા મારા માસીનો દિકરો જયંતિભાઈ અમારા ઘરે રહેવા માટે આવેલ હતો જે અમારી સાથે વાડીમા મજુરીકામ કરતો હોય, અમો બન્ને એકબીજાને પ્રેમસબંધ બંધાયેલ આ પછી જયંતિએ મારી સાથે શરીર સબંધ બાંધેલ હતો.''

**(૧૯.૧૨)** ભોગબનનારે વધુમાં ગઈ તા. ૩૦/૧૦/૨૨ ના મારા રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે, '' આજથી બે વર્ષ પહેલા મારા માસીનો દિકરો જયંતિભાઈ અમારા ઘરે રહેવા માટે આવેલ હતો જે અમારી સાથે વાડીમા મજુરીકામ કરતો હોય, અમો બન્ને એકબીજાને પ્રેમસબંધ બંધાયેલ આ પછી જયંતિએ મારી સાથે શરીર સબંધ બાંધેલ હતો. અમારા પ્રેમ સબંધની મારા માતા પીતાને ખબર પડી જતા મેં જયંતીને વાત કરેલી હતી આ પછી જયંતીએ મારા પીતાને તેની માતા દીવાળીબેનની તબીયત સારી ન હોય જેથી મને તથા મારી માતાને સુખપુર ગામ આટો જવાનું કહેલ મારા પીતાએ હા પાડતા જયંતી સાથે હું તથા મારી માતા અમારા ઘરેથી સુખપુર ગામ આવેલ હતા રાત્રીના જયંતીએ ઘરેથી ભાગીને લગ્ન કરવાનું કહેલ અમો બન્ને એકબીજાને પ્રેમ કરતા હોય જેથી રાત્રીના બધા સુઈ ગયા બાદ બારેક વાગ્યે ઘરેથી પહેરેલ કપડે નીકળી ગયેલ હતા અમો ચાલીને ગઢડા ખાતે ગયેલ હતા અને ત્યાંથી નસવાડીની બસમાં બેસીને સંખેડા પાસે આવેલ નુરપુર ગામે ગયેલ હતા જયાં કામનું પુછતા પુછતા એક વાડીએ જતા તે વાડીમાં મજુરની જરુર હોય વાડી માલીકને અમો પતી પત્ની હોવાનું જણાવતા તેણે અમોને કામે રાખેલ હતા વાડીમાં અમો બે મહીના રોકાયેલ હતા જયાં અમો પતી પત્ની તરીકે રહેતા હતા જયંતીએ અવાર નવાર મારી

સાથે શરીર સબંધ બાંધેલ હોય મને ગર્ભ રહી ગયેલ આ પછી અમો સાવરકુંડલા ગામ આવેલ હતા સાવર કુંડલા ગામની સીમમાં મુકેશભાઈ પટેલની વાડીમાં ભાગીયુ રાખેલ હતુ અને વાડીએ રોકાયેલ હતા આ દરમ્યાન અમરેલી સરકારી હોસ્પીટલ ખાતે મેં એક દીકરાને જન્મ આપેલ હતો જેનું નામ અમીત રાખેલ છે જે હાલ આઠ માસનો છે અમો સાવરકું ડલા મુકેશભાઈ ની વાડીમાં આશરે આઠેક મહીના રોકાયેલ હતા ત્યારબાદ અમો બોટાદ જીલ્લાના લાખણકા ગામમાં દેવરાજભાઈ તળશીભાઈ પટેલની વાડીમાં ભાગીયુ રાખેલ અમો પતી પત્ની તરીકે રહેતા હતા મારા પીતાએ પોલીસમાં જયંતી મને ભગાડીને લઈ ગયેલ હોવાની ફરીયાદ કરેલ હોય પોલીસ અમારી શોધ ખોળ કરતા કરતા ગઈ કાલ તારીખ ૨૯/૧૦/૨૨ ના રોજ લાખણકા ગામ દેવરાજભાઈ ની વાડીએ આવેલ હતી અને મને તથા મારા પતીને અમરેલી લઈ ગયેલ હતા.

**(૧૯.૧૩) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે આજરોજ કોર્ટમાં જુબાની આપતા પહેલા કેસ ડાયરીનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે હાલના ગુનાની ફરીયાદ બનાવના એક દિવસ પછી ફરીયાદીએ ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે હાલના કેસમાં કોઈપણ તટસ્થ સાહેદોના નિવેદન મેં લીધેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારે મારા રૂબરૂ નિવેદનામાં એવું લખાવેલ છે કે આરોપી જયંતીની સાથે પ્રેમ સંબંધ છે અને ભોગબનનાર અને આરોપી જયંતી બન્ને પતિ – પત્ની હોવાનું હકિકત જણાવેલ. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન સાહેદના લખાવ્યા મુજબ લખેલ નથી અને મેં મારી જાતે ફરીયાદની વિગતો મુજબની વિગતો સાહેદોના નિવેદનોમાં લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે કલમ ઉમેરાનો ખોટો રીપોર્ટ કરેલ છે. એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામાઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૬ તરીકે સાહેદ – રામદેવસિંહ મહેન્દ્રાસિંહ ઝાલાને આંક–૫૪ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ**

**પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૦.૧)** હું તા. ૩૦/૧૨/૨૦૨૧ ના રોજ બાબરા પો. સ્ટે. માં પી. આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે સદરહું ગુનાની તપાસ અમો કરતા હતા અને આ કામે આરોપી તથા ભોગબનનારની તપાસ કરતા આરોપી તેનાં રહેણાંક સરનામેં મળી ન આવતા મેં આપ સાહેબશ્રીની કોર્ટમાં સી. આર. પી. સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ કરવા અરજ આપેલી. જેઓ આરોપી તથા ભોગબનનાર નાસતા ફરતા હોય અને મળી આવતા ન હોય. ત્યારબાદ મેં આ કામે વર્ગ–અ પડત સમરી ભરેલી. ત્યારબાદ મારી અન્ય જગ્યાએ બદલી થતા આ ગુનાની આગળની તપાસ શ્રી આર. ડી. ચૌધરીને સોંપી આપેલી.

**(૨૦.૨) આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.**

**(૨૧) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે સાહેદ – દિપકકુમાર વિષ્ણુદયાલ પ્રસાદને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૧.૧)** હું તા. ૨૯/૦૫/૨૦૨૧ ના રોજ બાબરા પો. સ્ટે. માં પી. આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ××××× રહે. ખેરાણા, તા. ચોટીલાવાળા મારી સમક્ષ તેઓની ફરીયાદ હકિકત જાહેર કરતા મેં મારા રાઈટર પાસે કોમ્પ્યુટરમાં ફરીયાદ તૈયાર કરાવેલી અને ત્યારબાદ ફરીયાદીને ફરીયાદ વચાવ્યા બાદ તેમણે મારી રૂબરૂ તેના જમણા હાથના અંગુઠાનું નિશાન કરી આપેલ છે અને રૂબરૂ તરીકે મેં સહી કરેલી. તે ફરીયાદ આંક – ૨૦ છે તે તેજ છે. મેં સદરહું ફરીયાદ ગુનો દાખલ કરવા માટે મેં સ્ટેશન ડાયરીમાં પાર્ટ એ. ૧૧૧૯૩૦૦૮૨૧૦૪૦૬/૨૦૨૨ ઈ. પી. કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટ કલમ ૬, ૧૮ મુજબની ગુનો દાખલ કરી આગળની તપાસ મેં સંભાળેલી.

**(૨૧.૨)** ત્યારબાદ બનાવવાળી જગ્યાએ જઈ ફરીયાદી ×××××× બનાવાળી વાળી જગ્યા બતાવતા બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું વીગતવારનું

પંચનામુ કરેલુ મને આંક – ૩૮ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૨૧.૩)** ત્યારબાદ મેં લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તા. ૧૫/૧૦/૨૧ ના રોજ નોડલ ઓફીસરને કોલ ડીટેલ મેળવવા યાદી કરેલી જે યાદી આંક – ૪૭ થી રજુ છે તેજ છે. ત્યારબાદ મારી બદલી થતા ઝાલાસાહેબને સોંપી આપેલી.

**(૨૧.૪)** આ કામેના સાહેદ ××××× નું ગઈ તા. ૨૬/૦૪/૨૧ ના રોજ નિવેદન તેના લખાવ્યા મુજબનું લખી લીધેલ હતુ તેઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ છે કે ''ગઈ તા. ૨૬/૪/૨૧ ના રોજ હું તથા મારી ભોગબનનાર તથા મારા બનેવીનો દિકરો (આરોપી) અમો ત્રણેય અમારા ગામથી શુખપુર મુકામે મારા બહેનના ઘરે આવેલ હતા અને અમો અહી રોકાવા આવેલ. તે દરમિયાન ગઈ તા.૨૭/૪/૨૧ ના રોજ અમો બધા વાળું પાણી કરીને ૧૧ વાગે સુઈ ગયેલ અને તા.૨૮/૪/૨૧ ના સવારે આઠેક વાગે જોયુ તો મારી ભોગબનનાર જોવામાં આવેલ નહી અને જયંતિ પણ જોવામાં આવેલ નહી. જેથી મારા બહેનના દિકરાએ મારા પતિને ફોન કરી બનાવની જાણ કરતા મારા પતિ તથા મારા ભાણીયા કેરાળા ગામથી સુખપુર મુકામે આવેલ. અને મારી ભોગબનનાર દિકરીની આજુબાજુ તથા અમારા સગાવહાલામા ફોન કરી તપાસ કરેલ. પરંતુ મારી ભોગબનનાર દિકરી મળી આવેલ નહી. મારી ભોગબનનાર દિકરીને આ જયંતિ ભુરાભાઈ ઝાયડીયા રહે. સુખપુર વાળો લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અમારા વાલીપણામાથી ભગાડી ગયેલ છે.

(૨૧.૫) **બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એવી હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ગુનાની ફરીયાદ બનાવના એક મહિના પછી આપવામાં આવેલ. એ વાત ખરી નથી કે ફરીયાદ એક માસ વિલંબથી કરવાનો ખુલાસો ફરીયાદમાં કરેલ નથી, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે તેઓ તેમની રીતે શોધતા હોવાનો ખુલાસો ફરીયાદમાં કરેલ છે. એ વાત ખરી છે કે હાલના કામની ફરીયાદ નામદાર કોર્ટમાં દિન – ૫ ના વિલંબથી

મોકલવામાં આવેલ તે બાબતે મેં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે હાલના કેસમાં કોઈપણ તટસ્થ સાહેદોના નિવેદન મેં લીધેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન સાહેદના લખાવ્યા મુજબ લખેલ નથી અને મેં મારી જાતે ફરીયાદની વિગતો મુજબની વિગતો સાહેદોના નિવેદનોમાં લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામાઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે.

**પુરાવાનુ મુલ્યાંકન: –**

**મુદ્દા નં. ૧.**

**(૨૨)** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ–૨૯ અને કલમ–૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટએ **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

વધુમાં સદર બાબતે નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression “unless the contrary is proved” appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. A rebuttable presumption can be raised only when the

foundational facts constituting the offence are established by the prosecution. In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, કલમ–૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદપક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**(૨૩)** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

**(૨૪)** આરોપી સામે પોકસો એકટની જોગવાઈઓ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે એ પ્રસ્થાપિત

કરવાનું રહે કે ભોગ બનનાર પોકસો એકટની કલમ ૨(ડી) મુજબ '' બાળક '' હતી. ભોગ બનનાર બાળક હતી તે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ભોગ બનનાર, તેમના માતા–પિતાનો પુરાવો અગત્યનો અને મહત્વનો બની રહે છે.

**(૨૫)** હવે ભોગબનનાર સગીરવયના હતા કે કેમ ? તે બાબતે જોવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૧૯ થી ભોગબનનારના માતાને તેમજ આંક – ૨૨ થી ભોગબનનારને તપાસેલા છે. તેઓ તમામની જુબાની ધ્યાને લેતા તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સાહેદ–ભોગબનનારના માતાએ તેમની આંક – ૧૯ ની સરતપાસમાં ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષની હોવાનું જણાવેલ છે, પરંતુ બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે તેણીના લગ્ન આજથી આશરે ૨૫ વર્ષ અગાઉ થયેલ અને લગ્ન પછી પ્રથમ સંતાન એક વર્ષ બાદ થયેલ અને તેના બે વર્ષ બાદ બીજુ સંતાન થયેલ અને તેના બે વર્ષ બાદ ભોગબનનારનો જન્મ થયેલ. વધુમાં તેણીએ એવુ પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે તેણીનું પીયર દહીડા, તા. ચોટીલા, જી. સુરેન્દનગર મુકામે આવેલ છે અને તેણીની ભોગબનનાર દિકરીનો જન્મ તેણીના પિયર દહીડા મુકામે થયેલ અને આંક – પી/૨૧ વાળા જન્મ પ્રમાણપત્રની નોંધણી કોણે અને કેવા સંજોગોમા કરાવેલ તેની તેણીને માહિતી નથી. વધુમાં આ બાબતે ખુદ ભોગ બનનારની આંક – ૨૨ ની સરતપાસ જોતા તેણીએ સ્પષ્ટ જણાવેલ છે કે તેણીને તેણીની જન્મ તારીખ યાદ નથી. તેમજ બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે તેણીનો જન્મ તેણીના મોસાળ દહીડા તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર ખાતે થયેલ છે. વધુમાં તેણીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે બનાવ સમયે તેણી પુખ્ત વયની હતી. હવે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર આંક – ૨૧ વાળુ રજુ થયેલ છે તે જોતા તેમાં ભોગ બનનારનું જન્મ સ્થળ ખેરાણા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર હોવાનું સ્પષ્ટ થાય છે જયારે ભોગ બનનારનાં માતાએ તથા ભોગ બનનારએ તેમનાં પુરાવામાં ભોગ બનનારનો જન્મ દહીડા ગામે થયેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ભોગ બનનારનાં જન્મનાં પ્રમાણપત્રને ખુદ ભોગ બનનારે કે ભોગ બનનારનાં

માતાએ લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેનાંથી તદ્દન વિરોધાભાષી હકીકતો જણાવેલ છે. વધુમાં ભોગ બનનારની માતાએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે ભોગ બનનારની જન્મની નોંધણી કોણે અને કેવા સંજોગોમાં કરાવેલ તેની તેણીને માહિતી નથી. આમ ભોગ બનનારના માતાએ તથા ખુદ ભોગ બનનારએ આંક – ૨૧ ના ભોગબનનારના પ્રમાણપત્રથી તદ્દન વિરોધાભાષી હકીકત જણાવેલ હોય જેથી આંક – ૨૧ નાં ભોગબનનારનાં જન્મના પ્રમાણપત્રને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય તે દસ્તાવેજની વિશ્વસનીયતા ગુમાવે છે. વધુમાં ભોગ બનનારની માતાએ તેણીના લગ્ન થયેલાનો સમય તથા તેણીને સંતાનોનો જન્મ થયેલ તેનો સમય જણાવેલ છે તે રીતે જોતા પણ ભોગબનનાર બનાવ સમયે પુખ્ત વયના હોવાનું જણાઈ આવે છે. આમ ઉપરોકત મુજબ હાલના કેસમાં રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ઉપરોકત તમામ કરેલ ચર્ચાને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફે બનાવ સમયે ભોગ બનનાર બાળક સગીર વયના હતા તેવુ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૨૫.૧)** આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત સાથે હાલના કેસમાં જોવામાં આવે તો સરદહું આંક–૨૧ ના દસ્તાવેજને સ્વયં ભોગ બનનાર અને તેમના માતાની ઉલટ તપાસથી અગત્યનો અને મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવવા પામેલ હોય તે હકીકતોને ધ્યાને લેતાં માત્ર આંક–૨૧ ના સમર્થન વગરના દસ્તાવેજ ને આધારે ફરીયાદપક્ષ ભોગ બનનાર બનાવ સમયે બાળક હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવે છે.

## (૨૬) <u>ઈ. પી. કોડની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટ કલમ– ૬, ૧૮ અંગે:–</u>

**(૨૬.૧)** આ કામમાં આરોપી સામે આઈ. પી. સી. ની ક. ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) નો આક્ષેપ છે. તે સંજોગોમાં આઈ. પી. સી. કલમ ૩૬૧,

૩૬૨, ૩૬૩, ૩૬૬, ૩૭૫ તથા ૩૭૬ ધ્યાને લેવી જરૂરી છે તે નીચે મુજબ છે.

**361. Kidnapping from lawful guardianship.** -Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian, is said to kidnap such minor or person from lawful guardianship.

**Explanation**. - The words "lawful guardian" in this Section include any person lawfully entrusted with the care or custody of such minor such minor or other person.

**Exception. -** This section does not extend to the act of any person who in good faith believes himself to be the father of an illegitimate child, or who in good faith believes himself to be entitled to the lawful custody of such child, unless such act is committed for an immoral or unlawful purpose.

**362. Abduction. —** Whoever by force compels, or by any deceitful means induces, any person to go from any place, is said to abduct that person.

**"363. Punishment for kidnapping.** - Whoever kidnaps any person from India or from lawful guardianship, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years and shall also be liable to fine."

**"366.Kidnapping, abducting or inducing woman to compel her marriage, etc.** - Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she will be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse, or knowing it to be likely that she will be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; [ and whoever, by means of criminal intimidation as defined in this Code or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall also be punishable as aforesaid]."

**375. Rape :** A man is said to commit "rape" if he -

(a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person, under the circumstances falling under any of the following seven descriptions-

First.- Against her will

Secondly.- Without her consent.

Thirdly. - With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

Fourthly. - With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.

Fifthly. - With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.

**Sixthly. - With or without her consent, when she is under eighteen years of age.**

Seventhly.- When she is unable to communicate consent.

Explanation 1. - For the purposes of this section, "vagina" shall also include labia majora.

Explanation 2. - Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

Exception 1. - A medical procedure or intervention shall not constitute rape.

Exception 2. - Sexual intercourse or sexual acts by a man with his own wife, the wife not being under fifteen years of age, is not rape].]"

**Section 376 Punishment for rape. -** (1) Whoever, except in the cases provided for in sub-section (2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which [shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine].

(2) Whoever,— (a) being a police officer, commits rape—

(i) within the limits of the police station to which such police officer is appointed; or

(ii) in the premises of any station house; or

(iii) on a woman in such police officer's custody or in the custody of a police officer subordinate to such police officer; or

(b) being a public servant, commits rape on a woman in such public servant's custody or in the custody of a public servant subordinate to such public servant; or

(c) being a member of the armed forces deployed in an area by the Central or a State Government commits rape in such area; or

(d) being on the management or on the staff of a jail, remand home or other place of custody established by or under any law for the time being in force or of a women's or children's institution, commits rape on any inmate of such jail, remand home, place or institution; or

(e) being on the management or on the staff of a hospital, commits rape on a woman in that hospital; or

(f) being a relative, guardian or teacher of, or a person in a position of trust or authority towards the woman, commits rape on such woman; or

(g) commits rape during communal or sectarian violence; or

(h) commits rape on a woman knowing her to be pregnant; or

* * * * *

(j) commits rape, on a woman incapable of giving consent; or

(k) being in a position of control or dominance over a woman, commits rape on such woman; or

(l) commits rape on a woman suffering from mental or physical disability; or

(m) while committing rape causes grievous bodily harm or maims or disfigures

or endangers the life of a woman; or

**(n) commits rape repeatedly on the same woman,**

shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine."

**Section 376(3)**

"Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim:Provided further that any fine imposed under this sub-section shall be paid to the victim"

**(૨૬.૨)** વધુમાં આરોપી સામે પોકસો એકટની કલમ – ૬, ૧૮ મુજબના ગુનાનો પણ આક્ષેપ હોય સદર કાયદાની કલમ – ૫, ૬ તથા ૧૮ ને ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Sec. 5. - Aggravated penetrative sexual assault.-**

(a) Whoever, being a police officer, commits penetrative sexual assault on a child --

(i) within the limits of the police station or premises at which he is appointed; or

(ii) in the premises of any station house, whether or not situated in the police station, to which he is appointed; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where he is known as, or identified as, a police officer; or

(b) whoever being a member of the armed forces or security forces commits penetrative sexual assault on a child--

(i) within the limits of the area to which the person is deployed; or

(ii) in any areas under the command of the forces or armed forces; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where the said person is known or identified as a member of the security or armed forces; or

(c) whoever being a public servant commits penetrative sexual assault on a child; or

(d) whoever being on the management or on the staff of a jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection established by or under any law for the time being in force, commits penetrative sexual assault on a child, being inmate of such jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection; or

(e) whoever being on the management or staff of a hospital, whether Government or private, commits penetrative sexual assault on a child in that hospital; or

(f) whoever being on the management or staff of an educational institution or religious institution, commits penetrative sexual assault on a child in that institution; or

(g) whoever commits gang penetrative sexual assault on a child.

Explanation.-- When a child is subjected to sexual assault by one or more persons of a group in furtherance of their common intention, each of such persons shall be deemed to have committed gang penetrative sexual assault within the meaning of this clause and each of such person shall be liable for that act in the same manner as if it were done by him alone; or

(h) whoever commits penetrative sexual assault on a child using deadly weapons, fire, heated substance or corrosive substance; or

(i) whoever commits penetrative sexual assault causing grievous hurt or causing bodily harm and injury or injury to the sexual organs of the child; or

(j) whoever commits penetrative sexual assault on a child, which--

(i) physically incapacitates the child or causes the child to become mentally ill as defined under clause (l) of section 2 of the Mental Health

Act, 1987 (14 of 1987) or causes impairment of any kind so as to render the child unable to perform regular tasks, temporarily or permanently;1***

(ii) in the case of female child, makes the child pregnant as a consequence of sexual assault;

(iii) inflicts the child with Human Immunodeficiency Virus or any other life threatening disease or Infection which may either temporarily or permanently impair the child by rendering him physically incapacitated, or mentally ill to perform regular tasks;

(k) whoever, taking advantage of a child's mental or physical disability, commits penetrative sexual assault on the child; or

(l) whoever commits penetrative sexual assault on the child more than once or repeatedly; or

(m) whoever commits penetrative sexual assault on a child below twelve years; or

(n) whoever being a relative of the child through blood or adoption or marriage or guardianship or in foster care or having a domestic relationship with a parent of the child or who is living in the same or shared household with the child, commits penetrative sexual assault on such child; or

(o) whoever being, in the ownership, or management, or staff, of any institution providing services to the child, commits penetrative sexual assault on the child; or

(p) whoever being in a position of trust or authority of a child commits penetrative sexual assault on the child in an institution or home of the child or anywhere else; or

(q) whoever commits penetrative sexual assault on a child knowing the child is pregnant; or

(r) whoever commits penetrative sexual assault on a child and attempts to murder the child; or

(s) whoever commits penetrative sexual assault on a child in the course of 3[communal or sectarian violence or during any natural calamity or in similar situations]; or

(t) whoever commits penetrative sexual assault on a child and who has been previously convicted of having committed any offence under this Act or any sexual offence punishable under any other law for the time being in force; or

(u) whoever commits penetrative sexual assault on a child and makes the child to strip or parade naked in public, is said to commit aggravated penetrative sexual assault. "

**Sec. 6. - Punishment for aggravated penetrative sexual assault.—**

(1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.

(2) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.

**Section 18 - Punishment for attempt to commit an offence**

Whoever attempts to commit any offence punishable under this Act or to cause such an offence to be committed, and in such attempt, does any act towards the commission of the offence, shall be punished with imprisonment of any description provided for the offence, for a term which may extend to one-half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence or with fine or with both.

(૨૭) હવે, હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનું ઉપરોકત

કલમો સાથે મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ તા. ૨૭/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૨૮/૦૪/૨૦૨૧ નાં રોજ કલાક ૦૮:૦૦ વાગ્યા દરમ્યાન સુખપુર, તા. બાબરા, જી. અમરેલી મુકામેથી આ કામનાં ફરીયાદી ×××××× ની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ. વ. ૧૫ વર્ષ ૧૦ માસનીને આરોપીએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાનાં ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણા માંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તા. ૨૭/૦૪/૨૦૨૧ થી તા. ૩૦/૧૦/૨૦૨૨ સુધી પોતાની સાથે રાખી ભોગબનનાર સાથે વારં વાર દુષ્કર્મ આચરી ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી, ભોગબનનારને ગર્ભવતી બનાવી દઈ, ભોગબનનારને એક સંતાનનો જન્મ કરાવી ગુન્હો કરેલ છે કે કેમ ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો સદર બાબતે ફરીયાદપક્ષના અગત્યના અને મહત્વના સાક્ષી એવા આ કામના સાહેદ ભોગબનનારના માતા તથા ભોગબનનારે તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન કરેલ નથી. તેમજ તેમને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં સાહેદ નં. ૧ તરીકે ભોગબનનારના માતા ×××××× એ આંક–૧૯ ની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે તેણીની ભોગબનનાર દિકરી ઘરનું કામકાજ ન કરતી હોય તેથી તેણીએ તેને ઠપકો આપતા ભોગ બનનાર રીસાયને ઘરેથી કહ્યા વગર જતી રહેલી. વધુમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપી તેણીના સગા બહેનનો દિકરો હોય તેણે સગીર વયની ભોગબનનાર દિકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયેલ અને તેની સાથે બદકામ કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગ બનનારની માતાએ બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ એવી હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આરોપી તેણીની ભોગબનનાર દિકરીને કયાંય લઈ ગયેલ નથી કે તેની સાથે કોઈ કૃત્ય પણ કરેલ નથી. આમ ભોગ બનનારની માતાની જુબાની ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી નથી. વધુમાં ખુદ ભોગ બનનારએ તેમની આંક

– ૨૨ ની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે બનાવ સમયે તેણીની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા તેણી રીસાઈને તેણીની જાતે ઘરેથી નીકળી ગયેલી અને ત્યારબાદ થોડા દિવસ પછી તેણી જાતે પરત આવેલી. વધુમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપીએ તેણીને લગ્નની લાલચ આપી ભગાડીને લઈ ગયેલ હોય અને ત્યારબાદ તેણીની સાથે અવારનવાર બદકામ કરેલ હોય અને તેણીને ગર્ભ રહેલ હોય અને એક દિકરાનો જન્મ થયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગ બનનારએ બચાવપક્ષ તરફે થયેલ ઉલટ તપાસમાં પણ એવુ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે આરોપી તેણીને લલચાવી ફોસલાવી કયાંય લઈ ગયેલ નથી કે તેણીની સાથે કોઈ ખરાબ કામ કરેલ નથી. આમ ફરીયાદપક્ષનાં કેસમાં મહત્વનાં સાહેદ ખુદ ભોગ બનનાર તથા ભોગ બનનારના માતાએ ફરીયાદપક્ષનાં કેસની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આ બંને સાહેદોનો સમગ્ર પુરાવો જોતા આરોપી ભોગ બનનારને તેના માતા–પિતાના કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ હોવાની લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આરોપીએ ભોગ બનનાર સગી વયની હોવાનું જાણવા છતાં તેણીની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોવાની લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ ભોગબનનાર તથા ભોગબનનારના માતાની સમગ્ર જુબાની ધ્યાને લેતા આરોપીએ ફરીયાદપક્ષના કેસ મુજબનો ગુનો કરેલ હોવાની કોઈ હકીકત પુરવાર થતી નથી.

(૨૮) વધુમાં ફરીયાદપક્ષ તરફથી રજુ મેડીકલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે મેડીકલ ઓફીસર સાહેદ–ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણીએ આંક–૨૪ ની સરતપાસમાં તેઓએ કરેલ કાર્યવાહીની વિગતનું વર્ણન કરી ફરીયાદપક્ષને મદદરૂપ થવા પ્રયત્ન કરેલ છે, પરંતુ તેમની સમગ્ર જુબાની ધ્યાને લેતા મહત્વની હકિકતોનો વિરોધાભાષ જણાઈ આવે છે. તેમની સમક્ષની હિસ્ટ્રી જોતા પણ આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક બળાત્કાર કરેલ હોવાની કોઈ હકિકત જણાઈ આવતી નથી અને ભોગ બનનારને તથા આરોપીને પ્રેમ સંબંધ હોવાની હકીકત સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં

સાહેદ–ડો. ઉમંગકુમાર ભરતભાઈ વિરોજાને આંક–૨૯ ની સરતપાસમાં તેઓએ કરેલ કાર્યવાહીની વિગતનું વર્ણન કરી ફરીયાદપક્ષને મદદરૂપ થવા પ્રયત્ન કરેલ છે, પરંતુ તેમની સમગ્ર જુબાની ધ્યાને લેતા મહત્વની હકિકતોનો વિરોધાભાષ જણાઈ આવે છે. તેમની સમક્ષની હિસ્ટ્રી જોતા પણ આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક બળાત્કાર કરેલ હોવાની કોઈ હકિકત જણાઈ આવતી નથી અને ભોગ બનનારને તથા આરોપીને પ્રેમ સંબંધ હોવાની હકીકત સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ બંને ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં તેઓએ કરેલ કાર્યવાહીની વિગતનું વર્ણન કરી મેડીકલ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, પરંતુ તેવા મેડીકલ પુરાવાને ખુદ ભોગ બનનારે કે તેની માતાએ લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં ભોગ બનનારે સ્પષ્ટ જણાવેલ છે કે ડોકટરશ્રીએ તેઓને કાંઈ પુછેલ નહી અને તેઓએ ડોકટરશ્રીને કાંઈ જણાવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી ભોગ બનનારને ગર્ભવતી બનાવી બાળકનો જન્મ કરાવેલ હોવાનો આક્ષેપ છે, પરંતુ જો ખરેખર આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ હોય અને તેનાંથી ભોગ બનનારને બાળકનો જન્મ થયેલ હોય તો તે અંગેનાં કોઈ મેડીકલ કે એફ. એસ. એલ. નાં પુરાવા આ કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી રજુ મેડીકલ પુરાવા ઉપરથી પણ હાલના આરોપીએ ફરીયાદપક્ષના કેસ મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઈ હકિકત પણ રેકર્ડ ઉપર આવતી ન હોય સદર મેડીકલ પુરાવાઓના આધારે પણ હાલના આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૨૯) વધુમાં આ કામે પોલીસ સાહેદોનો પુરાવો તેઓએ ફરીયાદ રજીસ્ટર કરેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે તેમજ તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમજ જરૂરી તમામ પંચનામા કરીને, તેમજ તમામ દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કર્યા બાદ તેમની તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ જયારે આ કામે ફરીયાદીની ફરીયાદ, સોગંદ પરનો પુરાવામાં તેમજ સાહેદ તથા ભોગ બનનારના

પુરાવામાં જ્યારે પ્રથમદર્શનીય રીતે જ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે પોલીસ સાહેદોએ તેમની ફરજના ભાગરૂપે પુરાવો રજુ કરેલ તેના આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૩૦) હાલનાં કામે સરકારશ્રી તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી ધ્વારા ભોગબનનારના કલમ ૧૬૪ મુજબનાં નિવેદનનાં આધારે ને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે. જ્યારે બચાવપક્ષે વિ. વ. શ્રીની રજુઆત મુજબ હાલનાં કામે સ્વયં ભોગબનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કલમ ૧૬૪ ના નિવેદનની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેનાં પર આધાર રાખી શકાય નહી અને તે બાબતે નામદાર પટના હાઈકોર્ટનાં મદનરાય વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (ફેસલ તારીખ ૧૫/૦૯/૨૦૨૩) ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેથી સદર બાબતે ચર્ચા કરતા અગાઉ સદરહુ ચુકાદો વં ચાણે લેવામાં આવે તો પેરા નં. ૨૧ માં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદા ઉત્પલ દાસ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ પશ્ચિમ બંગાલ (૨૦૧૦)૬ એસ. સી. સી. ૪૩૯ ના ચુકાદા પર આધાર રાખી નીચે મુજબ નોંધેલ છે –

> "**21.** While convicting the appellants, the learned Trial Court mainly placed reliance upon the statement of the victim recorded under Section 164 of Cr.P.C. No doubt, the victim supported the allegations levelled by her in written FIR before the Judicial Magistrate in her statement recorded under Section 164 of Cr.P.C. but it is a settled principle of law that the statement recorded under Section 164 of Cr.P.C. can never be used as substantive evidence of truth of the facts and the same may be used only for contradiction and corroboration of a witness who makes it. In this regard, the observation made by Hon'ble the Supreme Court in

the case of Utpal Das and another versus State of West Bengal, reported in (2010) 6 SCC 493 is relevant and important. Though the victim's statements made in the chief examination in her court evidence are relevant to the alleged offences and the same also go in favour of the prosecution's case as well as the allegations levelled by her in the FIR but the victim did not remain firm to her stand in her cross examination and revealed a different story which goes against the prosecution story and also casts a serious doubt on the allegations levelled by her in her written FIR and statement recorded before the Judicial Magistrate.us"

હવે ઉપરોકત મુજબના ચુકાદામાં તથા તેમાં નોંધેલ નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત સાથે હાલનાં કેસની ચર્ચા કરવામાં આવે તો હાલના કામે ભોગબનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કલમ ૧૬૪ મુજબના નિવેદનની હકીકતોને અમુકઅંશે સમર્થન આપેલ છે, પરંતુ ભોગબનનારએ તેમની ઉલટ તપાસમાં પણ સ્વીકારેલ છે કે જજ સાહેબના રૂબરૂ નિવેદન આપવા લઈ જતા પહેલા પોલીસે અને તેણીના માતાએ તથા પોલીસએ જણાવેલ મુજબ તેણીએ હકિકત જણાવેલ. આમ આરોપીએ તેણીની સાથે તેવુ જબરજસ્તીથી કોઈ દુષ્કૃત્ય કરેલ હોવાની હકીકત જણાઈ આવતી નથી. તેમજ સી. આર. પી. સી. કલમ ૧૬૪ મુજબનુ ભોગબનનારનું નિવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં પણ ભોગબનનારને આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાની હકીકત સ્પષ્ટ જણાઈ આવે છે. તેમજ આરોપીએ ભોગબનનાર સાથે તેણીની ઈચ્છા વિરુધ્ધ કોઈ દુષ્કૃત્ય કરેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી. તેમજ ભોગબનનારએ કે તેના માતાએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય ત્યારે માત્ર સી. આર. પી. સી. ની કલમ ૧૬૪ મુજબના નિવેદનની હકીકત માત્રથી ઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૩૧) ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ હાલના કામે ફરીયાદપક્ષ ભોગબનનારની ઉંમર પણ યોગ્ય રીતે પુરવાર કરી શકતા ન હોય, ઉલ્ટાનું ભોગ બનનારના માતા તથા ભોગબનનારની ઉલટ તપાસથી ભોગબનનાર બનાવ સમયે પુખ્ત વયના હોવાનું જણાઈ આવે છે ત્યારે આરોપી સામે ફરમાવેલ તહોમત મુજબ આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં ભોગબનનાર સાથે બળજબરીથી અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ હોય અને જેથી ભોગ બનનાર ગર્ભવતી થતાં બાળકનો જન્મ થયેલ હોવા અંગેની પાયાની હકીકતો પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ – ૨૯ તથા કલમ –૩૦ નું અનુમાન પણ હાલના કેસમાં અમલમાં આવતુ નથી.

(૩૨) ફરીયાદ પક્ષ તરફે પંચનામાઓ રજુ થયેલ છે. જે વંચાણે લેતા તેમાં ગુનાવાળી જગ્યાનું વર્ણન તથા આરોપીને અટક કરેલ હોવાની હકીકત તથા કપડા કબજે કરેલ હોવાની સ્પષ્ટ થાય છે, પરંતુ જયારે ભોગબનનાર તથા સાહેદોએ જ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય ત્યારે આ પંચનામા પણ ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

(૩૩) ફરીયાદ પક્ષે અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે પરંતું આ દસ્તાવેજો પુરાવામાં વંચાણે લેવામાં આવે તો પણ જયારે ભોગબનનાર તથા ફરીયાદી/સાહેદોએ ફરીયાદના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી ત્યારે આરોપીને આ ગુનામાં સાંકળી તકસીરવાન ઠરાવવા સદર દસ્તાવેજો ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

(૩૪) આમ, ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, ભોગબનનાર બનાવ વખતે અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરની હતી. તેમજ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરી લઈ જઈ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરી, પ્રવેશ જાતિય હુમલો કરી, અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગ બનનાર ગર્ભવતી થતાં બાળકનો જન્મ થયેલ હોવા અંગેની પાયાની હકીકતો પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીએ ઈ. પી. કો. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ –૬,૧૮ મુજબના શિક્ષાને પાત્ર

ગુનાઓ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ઘ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ **હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.**

## – : આખરી હુકમ :–

**૧.** આ કામના આરોપી **જયંતીભાઈ ભુરાભાઈ ઝાપડીયા,** ઉ. વ. ૩૨, ધંધો – ખેતી, રહે.સુખપુર, તા.બાબરા, જી.અમરેલીનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ –૬,૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે લેવાયેલ મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયા બાદ નાશ કરવો.

**૩.** આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭–એની જોગવાઈ અન્વયે રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વિસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ **તારીખ ૨૩ મી માહે ડિસેમ્બર, સને–૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૧૨/૨૦૨૪
મુ. અમરેલી.

(ધમેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)
ચોથા એડી. સેશન્સ જજ તથા
સ્પે. જજ(પોકસો)અમરેલી.
જજ કોડ જીજે ૦૦૮૧૯